(**aprise tout seul sans maitre**

LE MAITRE POPULA

OU

La guide à la langue franSai·

PART. 1.

AVEC

(**Grammaire, phrase, mots, prononciation en**

PAR

J. M. Raval Instituteur de l'Indi

l'e'cole à Majunga (Madagascar)

1 e'me e'dition.

500, copies

Rien ne vaut pour apprendre:
une langue e'tran ge're.

Ce livre Merveilleux. Le Maitre Populaire,

Prix. 6. franes. **Postage libre.**

1919.

ərseillese (લા માર્સેઇઝ) રાજગીત:

, enfants de la patrie.
ઝાંફાં દે લા પાત્રી

jour de gloire est arrive'
ઝુર દે ગ્લુવાર એતા રીવે

tre nous de la tyrannie,
ત્ર નુ દે લા તીરાની

e'tendard sanglant est leve'.
લેતાંદાર સાંગ્લાં એ લેવે.

'e'tendard sanglant est leve'
લેતાંદાર સાંગ્લાં એ લેવે.

Entendez vous dans ces campagnes,
આતાંદે વુ દાં સે કામ્પાય

Mugir ces feroces soldats ?
મિઝીર સે ફેરોસ સોલ્દા ?

Ils viement jusque dans nos bras,
ઇલ વિયમં ઝીસ્ક દાં નો બ્રા.

Egorger vos fils, vos campagnes.
એગોર્ઝે વો ફીસ વો કામ્પાય,

Aux armes citoyens.
ઓ ઝાર્મ સીત્વુયાં

Formez vos bataillons,
ફોર્મે વો બાતાયોં

Marchons, marchons, qu'un sang impur
માર્શોં માર્શોં કે સાં એંપીર

abreuve nos sillons.
આબ્રેવ નો સીઓં

અર્પણ પત્રિકા.

વિદ્યાનુરાગી, સાહિત્ય પ્રેમી, શ્રીયુત શેઠજી સાહેબ
રહીમજી કાસમ કચરા ખોજા માજુંગાનિવાસી કે
જેઓ વિદ્યાવૃદ્ધિ માટે તેમજ સાહિત્ય પ્રચારાર્થે
તન, મન ને ધનથી પરમ પુરૂષાર્થ કરી
રહ્યા છે. જેના પ્રત્યક્ષ પ્રમાણ ચિન્હરૂપ
આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું મને
સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે એવા
ઉદાર ચરિત્ર સજ્જનનાં
હૃદય કંઠમાં આ
વખણાયેલ

(Le Maitre Populaire, ou La Guide à La Langue Français Part I)

ફ્રેન્ચ શિક્ષક યા ફ્રેન્ચ ભાષાનો ભોમીયો ભાગ ૧
નામની પુષ્પમાળા આરોપું છું.

માજુંગા,
તા૦ ૧-૨-૧૯૧૯.

સ્નેહાંકિત,
માસ્તર જગજીવન મહાશંકર
ના દુઆ સલામ.

પ્રસ્તાવના.

'To see oneself in print' પોતાની કૃતી છપાએલી જોવાની ઇચ્છા કે વિદ્વાન, તરીકે ગણાવવાની ઇચ્છાએ નહિં, પરંતુ આપણે— હિંદીભાઇઓ ઘણાં વર્ષો થયા ફ્રેન્ચ કોલોનીમાં વસીએ છીએ. અને આપણા પ્રત્યેક કાર્યો આપણી રાજભાષા "ફ્રેન્ચ ભાષા" જાણવા ફરજ પાડે છે. છતાં દિલગિરિની વાત એ છે કે આજ સુધીમાં એકે એવું પુસ્તક પ્રગટ થયું નથી, કે જે આપણને તે ભાષા જાણવા સહાયરૂપ થઇ પડે. જોકે આપણામાં કેટલાંક તે ભાષા બોલે છે, પણ તે ઘણીખરી અશુદ્ધ અને વ્યાકરણના દોષવાળી બોલે છે અને પ્રાયઃ લખતાં તો આવડતીજ નથી.

ઉપર પ્રમાણે સમગ્ર હિંદીભાઇઓની મુશ્કેલી દ્રષ્ટી ગોચર થતાં, તે મુશ્કેલી દુર કરવા કોઇએક સારાં અને વ્યવહારૂં સત્યજ્ઞાન આપનારા પુસ્તકની જરૂર જણાતાં, તે પુસ્તક તૈયાર કરવા તરતજ નિશ્ચય કર્યો; અને તે ભાષાના વ્યાકરણ સંબંધીના પુસ્તકોદ્વારા જરૂર પડતું જ્ઞાન એકત્ર કરતો, અને તે એકત્ર કરેલાં ભંડારને હિંદીભાઇઓની સમક્ષ મુકવા ભાગ્યશાળી થયો છું. અને ફ્રેન્ચ ભાષા શીખવા ઇચ્છા રાખનાર અભ્યાસીઓ માટે વખણાએલ ફ્રેન્ચ શિક્ષક યા ફ્રેન્ચ ભાષાનો ભોમીયો ભાગ ૧ એ નામનું અતિ અગત્યનું પુસ્તક લોકપ્રિય થઇ પડશે, એવી આશા રાખું છું અને જેટલે અંશે ઉપર્યુકત ઉદ્દેશ મારો પાર પડશે. તેટલે અંશે મારો કરેલો પ્રયત્ન સફળ થયો માનીશ.

ફ્રેન્ચ ભાષાના અભ્યાસકને શરૂઆતમાં આપેલ સુચનાપર પુરતુ લક્ષ આપવા ભલામણ કરૂં છું. ફ્રેન્ચ ભાષા ઘણી કોમળ છે અને તેના ઉચ્ચાર ઘણા અઘરા છે. તેથી બોલનાર શુદ્ધ કોમળ બોલે તોજ સમજાય. કેટલાંક અક્ષરના ઉચ્ચાર એવા છે કે તેવા ગુજરાતી ભાષામાં નથી. માટે તેની સમજણ અત્રે આપવી વાજબી થઇ પડશે

u (ઇય) આ અક્ષરનો ઉચ્ચાર એ હોઠ પાસે રાખી મોરબીની (ય) ના જેવો કંઠમાંથી (ઇય) ઉચ્ચાર કરવો જ્યાં (u) આ અક્ષર વાપર્યો છે ત્યાં તેનો ઉચ્ચાર દીર્ઘ (ી) મુકેલી છે પણ તે બોલવામાં કોમળ ઉચ્ચાર કરવો જેમ-cure (કીયરે)

g. j. આ અક્ષરોના ઉચ્ચારને ઠેકાણે ગુજરાતી ઝ મુકયો છે પણ તેનો ઉચ્ચાર સ ને ઝ બેળવીને ઉચ્ચાર કરવો તેવો ઉચ્ચાર ગુજરાતીમાં નથી.

ફ્રેન્ચ ભાષામાં નામની પહેલાં આર્ટીકલ મુકી બોલવાની રૂઢી છે. જુઓ પાનુ ૧૭ મે પાઠ ૧.

આ લઘુ પુસ્તક તૈયાર કરવામાં વારંવાર યોગ્ય સુચના કરનાર તેમજ મારા લખાણો તપાસી સુધારોવધારો કરનાર મી૦ પડધરી નિવાસી વલલ-દાસ ડાહ્યાભાઇ સોની તથા છપાઇ તૈયાર થઇ આવતાં પ્રુફો તપાસનાર સી. એ. મહેતા, બી. એ. એજ્યુકેશનર ધ્રાંગધ્રા સ્ટેટ આ બેઉ ગૃહસ્થોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ મારા પ્રથમ પ્રયત્નમાં કંઇ દોષ નજરે પડે તો ક્ષમા આપશો, એવી પ્રત્યેક ઉદાર બંધુ પાસે યાચના કરવામાં આવે છે. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે. તો મેં સ્કુલ કાર્ય કરતાં, અભ્યાસ કરતાં, ઉપરાંત એક કલાક જેવા અલ્પ સમયમાં દરરોજ આ કાર્ય કરતો હતો, તેથી અલબત આ પુસ્તકમાં ઘણી ભુલો રહી ગઇ હશે, તો તે સુધારવા પ્રત્યેક સુજ્ઞ બંધુઓને વિનંતી કરવામાં આવે છે. તે ખાતે તેઓના આભાર માની બીજી આવૃત્તિમાં સુધારો કરવામાં આવશે.

લી૦ પ્રકાશક,

હળવદ, | જગજીવન માહાશંકર સ્કુલ માસ્તર,

તા૦ ૧-૬-૧૯૧૫. | માજુંગા, (માડાગાસ્કર).

શુદ્ધિપત્રક.

અશુદ્ધ.	શુદ્ધ.	પાનું..
bolanger	boulanger	૧૨
મોનીય	મોંતાય	૧૩
bowurs	bours	૧૪
burre	beurre	૨૦.
flear	fleur	,,
kanif	canif	૨૪
carix	..	,,
cing	cing	,,
sœwer	sœurs	૨૫
lang	langue	૨૬
રાંધણીયું	પિત્રાઈ બેન	૩૦
chattan	chsteau	૩૧
રાત્રની	રાતની	૩૪
ou	au	,,
ઝાંદા	ઝાંકા	,,
auoat	auront	૩૭
at	et	૩૮
hewer	heure	૪૭
œ	où	૪૮
bacoup	beaucoup	૬૧
famme	femme	૬૩
livere	livre	,,
bœut	bœuf	૬૪
voche	vache	,,
jadin	jardin	૬૫

અશુદ્ધ.	શુદ્ધ.	પાનું.
ei	ci	૬૬
purents	parents	૬૭
vieuse	vieux	૬૯
કાસરેત	કાસકેત	૭૦
pait	huit	૭૨
નોતધુશ	સાંત કાતોર્ઝ	૭૩
ધુઝ	કેંઝ	,,
fales	faites	૭૬
umetir	unième	૭૮
qel	quel	,,
appliquó	appliqué	૮૦
jalous	jalouse	૮૯
sernt	seint	૯૨
soldas	soldats	૯૬
heureuse	heureux	૧૦૦
સેમીર	સેઝીર	૧૧૮
ssli	sali	૧૨૦
méchant	méchant	૧૨૧
eigogne	cigogne	૧૨૯
done	donc	,,
naissance	naissance	૧૩૦
l'orgent	l'argent	૧૩૪

La langue francais sans maitre en 6 moisc

alphabets (આલ્ફાબે) મુળાક્ષરો.

A. a (આ) આ. અં.	R. r (એર) ર.
B. b (બે) બ.	S. s (એસ) સ.
C. c (સે) સ. ક.	T. t (તે) ત.
D. d (દે) દ.	*U. u (ઇય) ઇ.
E e (એ) એ. અ.	V. v (વે) વ.
F. f (એફ) ફ.	W. w (દુબ્લવે) વ.
G. g (ઝે) ઝ. ગ.	X. x (ઇક્ષિ) ક્ષ. ઝ. સ.
H. h (આપ) હ. અ.	Y (ઇગ્રેક) ઇ.
I. i (ઇ) ઇ.	Z (ઝેદ) ઝ.
J. j (ઝી) જ. ઝ =	ખ. kh.
K. k. (કા) ક.	ચ. tch.
L. l (એલ) લ.	છ ts.
M. m (એમ) મ.	જ. dj.
N. n (એન) ન.	ઠ th.
O o (ઓ) ઓ.	ફ f, ph.
P. p. (પે) પ.	ભ bh.
Q. q (કી) ક.	શ ch.

૧ ઉપરથી આલ્ફાબેમાં six (સી) ૭. voyelle (વુઉવાએલ) સ્વર છે બાકી Dix neuf (ધીઝનેફ) ૧૯ consonne (કોન્સોન) વ્યંજન છે.

સ્વર a. e. i. o. u. y. બાકીના k. w. વગર ૧૯ વ્યંજન છે k અને w બીજી ભાષામાં વપરાય છે.

---

* જુઓ પાનું ૩ — એ હોઠ બીડીને કંઠથી ઉચ્ચાર છે તે ય. બોલાય એવી રીતે બોલો જો નામમાં જ આવે તો d j (દે ઝે) સાથે જ થાય નહિ તો ઝ થાય.

૨ ફ્રેન્ચ ભાષામાં વપરાતા ચિન્હની સમજુતી.

૧ (') આપોસ્ત્રોફ) સંક્ષીપ ચિન્હ શબ્દનો પહેલો અક્ષર a e i અથવા h હોય અને આગલા શબ્દનો છેલ્લો અક્ષર સ્વર હોય તો પહેલો સ્વર કાઢી વચ્ચે (') આપોસ્ત્રોફ મુકે છે જેમકે le or si il તેને બદલે l'or s'il લોર સીલ વગેરે.

૨ le trema (લે ત્રેમા) આવું (..) ચિન્હ e i ઉપર આવે ત્યારે લાંબો અને બે સ્વરના જુદા ઉચ્ચાર થાય છે. જેમ haïr (હાઇર) ધિકારવું, noël (નોએલ

૩ la cedill (લા સેદીલ) , જો c (સે) ની પછી a o u આવેલ હોય અને c (સે) ની ની નીચે સેદીલ હોય તો સ ઉચ્ચાર થાય છે જેમ façade (ફાસાદ) આગલો ભાગ, સામું reçu (રેસી) મળ્યું.

૪ – આવું ચિન્હ બે શબ્દની વચમાં હોય ત્યારે બે શબ્દ જોડેલા દેખાડે છે જેમ as-tu (આ તી) dit-il (દિતિલ)

૩ ફ્રેન્ચ ભાષામાં ત્રણ માત્રા છે તે નીચે પ્રમાણે.

(´) é. accent aigu (આંકસાં તેગી) ટુંકા ઉચ્ચાર (એ) થાય છે été (એ તે)

(`) è à accent grave (આકસાંગ્રાવ) એ હોઠ ગોળાકાર વાળી પહોળો ઉચ્ચાર કરવો.

(^) ê â ô accent eircanflexe (આકસાંસીરકોંફ્લેક્ષ) તે કોઇપણ સ્વર ઉપર આવેલ હોય ત્યારે મોઢું ઉઘાડી પહોળો ઉચ્ચાર કરવો.

૪ સ્વરના શુધ્ધ ઉચ્ચાર.

a (આ કોઇ વખતે લાંબો તેમજ કોઇ વખત ટુંકો ઉચ્ચાર થાય છે rare (રા ર) âme (આમ) એ લાંબો અને la bal mal (લા, બાલ, માલ) matin (મતેં) એ બધાં ટુંકા ઉચ્ચાર છે.

e (એ) એક પદી શબ્દમાં વપરાએલ હોય ત્યારે ત્યારે તેનો ઉચ્ચાર (એ) થાય છે જેમ le, ne (લે, ને) પણ એક પદી કરતાં વધારે પદવાળા શબ્દમાં વખતે ઉચ્ચાર થતો નથી જેમ table (તાબ્લ) rare (રાર) (') આવું ચિન્હ હંમેશાં (e) એ ઉપરજ હોય છે ત્યારે તેનો શુધ્ધ ઉચ્ચાર (é) એ થાય છે e é (એ) ઉપર

આકસાંગ્રાવ અથવા આકસાં સીરકોંફલેક્ષ એ બંને ચિન્હો a o e એ ત્રણે સ્વર ઉપર વપરાય છે ત્યારે પહોળા ઉચ્ચાર થાય છે note-1 E સ્વર જો કોઇપણ શબ્દની વચમાં વપરાએલ હોય છે અને તેને છેડે (એટલે શબ્દનો) માત્ર વ્યંજનથી પુરો થતો હોય તો તે વપરાએલ e નો ઉચ્ચાર એ થાય છે જેમ;— regard (રેગાર) lever (લેવે) ceci (સેસી)

૨ વળી બીજો નિયમ એવો છે કે કોઇ શબ્દમાં છેડે d r z આવે તેની પહેલાં (e) આવે તો તેનો ઉચ્ચાર એ, થાય પણ છેડાના અક્ષરના ઉચ્ચાર થાય નહિ જેમ:— pied (પીએ) પગ donner (દોને) આપવું assez (આસે)

૩ વળી જ્યારે e (એ) પછી r અથવા કોઇપણ વ્યંજન આવે તો તેના ઉચ્ચાર થાય છે જેમ:- fer (ફેર) verre (વેર) ગ્લાસ frère (ફ્રેર) ભાઇ hier (ઇએર) કાલે vexé (વેકસે) blessé (બ્લેસે)

૬ જ્યારે e (એ) પછી mm., mn. nn. ડબલ એમ, એમ એન; અથવા ડબલ એન આવતા હોય ત્યારે એ નો આ થાય છે ક્રિયા વિશેષણમાં ઘણું કરીને આ ઉચ્ચાર થાય છે femme (ફામ) બાયડી solennel (સોલનેલ) પવિત્ર hennir (હાનીર) ખોંખારવું, હણહણવું prudemment (પ્રીદ્રાંમાં) ડહાપણવાળું.

i (ઇ) નો ઉચ્ચાર એકજ છે કોઇ વખત લાંબો અને કોઇ વખતે ટુંકો ઉચ્ચાર થાય છે જેમ vie (વી) જીંદગી lire (લીર) વાંચવું બાકી હમેશાં સાધારણ ઉચ્ચાર રહે છે.

o (ઓ) ઓ ની માફક ઉચ્ચાર થાય છે જેમ ગુજરાતીમાં પહોળો ને ટુંકો ઉચ્ચાર થાય છે, તેમ ફ્રેન્ચીમાં પણ છે.

ગુજરાતી ઉચ્ચાર માટે પક્ષી, મોર, આંબલી અથવા આંબાનો તેમ ફ્રેન્ચીમાં પણ છે mot (મો) trop (ત્રો) એ ટુંકા ઉચ્ચાર dose (દોઝ) rose (રોઝ) એ લાંબા ઉચ્ચાર અથવા પહોળા

u (ઇય) આ ઉચ્ચાર વિષે ગુજરાતીમાં એવો કોઇ અક્ષર નથી કે સમજાવી શકીએ પણ આલ્ફાબેમાં (u) ની નોટમાં સમજાવેલ છે તે પ્રમાણે ધ્યાન આપી ઉચ્ચાર કરવો, નહિ તો કોઇ ફ્રેન્ચ જાણનાર

પાસે ઉચ્ચાર શીખી, શરૂ કરવું જેમ sur (સીર) murmure (મીરમીર) e (એ) ની વચમાં u (યુ) વપરાયેલ હોય તો પણ (યુ) નો ઉચ્ચાર થતો નથી જેમકે guerre (ગેર) guide (ગીધ) figue (ફીગ) bague (બાગ) માત્ર જે શબ્દ guë થી પુરો થાય છે તેનોજ ઉચ્ચાર માત્ર (યુ) થાય છે. અને વળી પણ arguer (આર્ગે) aiguille (એગ્વી) aiguiser (એગ્વીઝે) તેમાંજ માત્ર (યુ) નો ઉચ્ચાર થાય છે.

Y. y. ના ઉચ્ચાર

y (ઇગ્રેક) અક્ષરનો હંમેશાં ઇ જ ઉચાર થાય છે જેમકે syllabe (સીલાબ) physique (ફીઝીક) analyse (આનાલીઝ) પણ જ્યારે કોઇપણ સ્વર y ની બાજુમાં મુકાય છે ત્યારે તેનો ઉચ્ચાર બદલે છે જુઓ ખંડક ૫. માં ay, oy, uy.

---

(૫) ડબલ સ્વર ભેગા થાય ત્યાંરના ઉચ્ચાર.

Ai, આ અને ઇ જ્યારે સાથે આવે છે ત્યારે તેનો ઉચ્ચાર (એ) થાય છે જેમકે mais (મે) faire (ફેર)

Au, eau, આ અને યુ અને (એ આ યુ) સાથે હોય ત્યારે તેનો ઉચ્ચાર (ઓ) થાય છે જેમકે haute (હોત) maux (મો) veau (વો) bateau (બાતો)

Ay આ અને ઇગ્રેક એ બે સ્વરો સાથે હોય ત્યારે તેનો ઉચ્ચાર (એઇ) થાય છે જેમકે paysage (પેઇઝાઝ) paysanne (પેઇઝાન)

Ei એ અને ઇ સ્વર સાથે હોય ત્યારે પણ a i ની માફક (એ) જ ઉચ્ચાર થાય છે.

Eu, œu, એ અને યુ, અને ઓ અને એ અને યુ એ સ્વરો સાથે હોય ત્યારે તેનો ઉચાર એ થાય છે, ધ્યાન રાખવું કે (એ) ને કંઠના ઉચ્ચારથી બોલવો અને હોઠને તાણીને કંઠનો નાદ કરવો તેથી eu (એ) હ્રસ્વ આવશે. જેમકે peu (પે) feu (ફે) cœur (કેર) bœuf (બેફ) બળદ.

Oi oe, ઓ અને ઇ સ્વર સાથે આવે ત્યારે ઉવા ઉચાર થાય છે. જેમકે roi (રૂવા) foi (ફુઉઆ) પણ જો O (ઓ) ની પછી e (એ) આવે તો (ઓએ) ઉચાર થાય છે જેમકે poêle (પોએલ)

Ou. ઓ અને યુ સાથે આવે ત્યારે (ઉ) ઉચ્ચાર થાય છે તેમ કાઈ વખત લાંબો ઉચ્ચાર થાય છે ટુંકા ઉચાર જેમકે mou (મુ) vous (વુ) લાંબો ઉચ્ચાર જેમકે cour (કુર) croute (ક્રુત)।

Oy. uy. આ અને ઇગ્રેક સાથે હોય ત્યારે (ઉવાય) ઉચ્ચાર થાય છે જેમકે foyer (ફુઉવાયે) moyenne (મુઉવાયેન) અને uy નો ઉચ્ચાર ઉવી થાય છે જેમકે appuyer (એપ્વીએ) થાય છે.

ધ્યાનમાં રાખવું જોઇએ કે ફ્રેંચીમાં બીજા કેટલાંક સ્વરો જોડાય છે ત્યારે તેના ઉચ્ચાર બદલાતો નથી પણ એકજ રહે છે જેમકે diable (ડીઆબ્લ) papier (પાપીએ) biere (બીએર) dieu દિઅે.

ia ie. ieu io. oui. ua. ue. ui.

ઇઆ ઇએ ઇઍ ઇઓ ઉવી યુઆ યુએ ઉવી

૬ વ્યંજનના શુધ્ધ ઉચ્ચાર.

B. (બે) નો ઉચાર (બે) જ થાય છે.

C. (સે) ના ઉચાર સ અને ક બન્ને થાય છે જ્યારે c ની પછી a. ai. au. o. œ. ou. અને c ની પછી એક વ્યંજન આવે ત્યારે તેનો ઉચ્ચાર (ક) થાય છે. અને જો શબ્દની છેડે c. આવેલો હોય અને ત્યાર પછી એક સ્વર ના હોય તો પણ (ક) ઉચ્ચાર થાય છે. જેમકે car (કાર) col (કાલ).

clair (ક્લેર) crotte (ક્રોત) avec (આવેક) sec (સેક) વળી c નો કાઇ વખત ધીમો ઉચ્ચાર થાય છે જેમકે tabac (તાબા ક) porc (પોક) પણ જો c ની નીચે આવો (ɔ) સેદીલ ç મુકીએ તો પછી ઉપર ફ્રીવેલા શબ્દે ç સેદીલ વાળા ç પછી આવે તો તેનો ઉચ્ચાર (સે) જ થાય છે જેમકે leçon (લેસોં) façade (ફાસાદ)

français (ફ્રાંસે) થાય છે. વળી c. ની પછી e i y હોય તો પણ c (સે) ઉચ્ચાર થાય છે. જેમકે ce (સે) ceci (સેસી) douce (દુસ).

c. C. (ડબલ સે) જો ડબલ સે પછી e અથવા i આવેલો હોય તેનો ઉચ્ચાર ક્ષ કસ થાય છે જેમકે accès (આકસે) occidental (ઓકસીદાંતાલ) પણ કોઇ વખત અવરો ઉચ્ચાર રહે છે જેમકે accuser (આ કયુઝે)

આ ch, સે શ્વાસ નો ઉચ્ચાર (શ) થાય છે જેમકે chez (શે) chaine (શેન) chose (શોઝ) vache (વાસ) પણ જો ch પછી તરતજ વ્યંજ જોડાય તો (ક) ઉચ્ચાર થાય છે જેમકે christ (ક્રીસ્ત) chretien (ક્રેચીયે) વળી આપણો ગુજરાતી ચ કરવો હોય તો પણ ch થી થાય છે જેમકે Chakou (ચકુ) chanchare (ચંચર)

D. (દે) જ્યારે શબ્દને છેડે એકલો હોય ત્યારે તેનો ઉચ્ચાર બહુ નજીવો થાય છે બલકે d બોલાતોજ નથી. જેમકે bord (બોર) froid (ફ્રુઉઆ) pied (પીએ) પણ કોઇ કોઇ વખતે d વાકયને છેડે હોય ને બીજા આવતા વાકયનો અક્ષર h અથવા કોઇ પણ સ્વર હોય તો તેનો ઉચ્ચાર ટ ના જેવો થાય છે જેમકે un grand homme (એ ગ્રાં તોમ) વળી ફ્રેંચોમાં સાધારણ નિયમ છે કે d ને ઘણે ઠેકાણે (જ) નો ઉચાર કરે છે જેમકે dieu (જીએ) diable (જી આબ્લ).

f (એફ્) નો ઉચાર ફ્ થાય છે

G (ઝે) g ની પછી a ai o ou u વપરાયેલ હોય તો તેનો ઉચાર ગ થાય છે જેમકે gare (ગાર) goutte (ગુત) gros (ગ્રો) પણ g પછી e i y આવે તો ઝ ઉચ્ચાર થાય છે જેમકે gerbe (ઝેર્બ) gemir (ઝેમીર) પણ કોઇ વખતે શબ્દને છેડે g એકલો આવેલ હોય તો અને g પછી સ્વર જો હોય તો g નો બહુ ધીમો ઉચ્ચાર થાય છે જેમકે Fabourg (ફોબુર્ઝ)

gn (ઝે ને એન) સાથે આવેલ હોય ત્યારે તેનો ઉચ્ચાર યં થાય છે જેમકે ignorant (ઇયોંરાં)

H આચ નો કોઇ વખતે (અ) ના જેવો ઉચ્ચાર થાય છે જેમકે homme (ઓમ) habit (આબી) helas (એલા) histoire (ઇસ્તુઆર) honnete (ઓનેત) humanite (યુમાનીતે) તેમ

વળી h નો ઉચ્ચાર હ પણ થાય છે. જેમકે la hache (લા હાશ) hèros (હેરો) hibou (હીબુ) પણ જો l' d' અપોસત્રોફ આવેલ હોય તો આરતીકલ સાથે અ નો ઉચ્ચાર થાય છે. જેમકે l'heros (લેરો) d'haricot (દારીકો)

j (ઝી) નો ઉચ્ચાર ઝ થાય છે જેમકે jadis (ઝાદી) jeune (ઝેન)

L. (એલ) નો હમેશાં (લ) જ ઉચ્ચાર થાય છે પણ કોઇ વખત l ની પહેલાં i વપરાયેલ હોય તો l મધ્યાય રહે છે જેમકે fils (ફીસ) પણ વધારે વીગત માટે જુઓ ખંડક આઠમાં.

ll (ડબલ એલ) માટે જુઓ ખંડક આઠમાં.

mm. nn. નો ઉચ્ચાંર (n) અને (ન) રહે છે,

Mn એમ અને એન સાથે આવેલાં હોય તો કોઈ વખત તેનો ઉચાર (ન) એકલો થાય છે પણ જો mn ની પછી એક સ્વર અને d. r. z. હોય તો અથવા છેડે ie ના બે સ્વર હોય તો (મ અને ન) ના બેઉ ઉચ્ચાર થાય છે જેમકે mn હોય ને (ન) નો ઉચ્ચાર જેમકે autonn (ઓતોન) અને condamner (કોંધામને) calomnie (કાલોમ્ની) insomnie (એંસોમ્ની) બાકી વંધારે વીગત માકે ખંડક ૭ માં જુઓ.

P. (પે) હમેશાં પ નો જ ઉચ્ચાર થાય છે. પણ જો શબ્દની છેડે આવે અને ત્યારબાદ સ્વર ના હોય તો p નો ઉચ્ચાર થતો નથી જેમકે trop (ત્રો) beaucoup (બોકુ) વળી શબ્દની વચમાં p આવતો હોય અને તેની પાસે t આવતો હોય તો p નો ઉચ્ચાર થતો નથી જેમકે baptême (બાતેમ) compte (કોંત) temps (તાં)

ph. પે અને આષ સાથે આવે તો ફ ઉચાર થાય છે.

Qu કી અને યુ સાથે આવેલા હોય ત્યારે તેનો ઉચ્ચાર ક થાય છે. જેમકે qui (કી) que (કે) quatre (કાત્ર) પણ સાથે એટલું યાદ રાખવું કે કોઇ પણ સ્વર જ્યારે Q સાથે જોડવા હોય તો વચમાં u મુકયા સીવાય જોડાયજ નહી જેમકે quadrupede (કાદ્રીપેદ) qualitê (કાલીતે) વળી જો શબ્દની છેડે q આવે તો તેનો u ઉડી જાય છે તો પણ (ક) ઉચ્ચાર થાય છે જેમકે cinq (સેંક) coq (કોક)

qua, ક્વા યુ અને આ કોઇ શબ્દમાં આવે અને તે શબ્દ ત્રણ અથવા તેથી વધારે પદ વાળુ હોય તો qua નો ઉચ્ચાર (કુઉઆ) થાય છે જેમકે equateur (એકુઉઆતેર) quadrupede (કુઆદ્રુપેદ)

R એરનો ઉચ્ચાર ર જેવો થાય છે પણ બે અથવા તેથી વધારે પદ વાળા શબ્દને છેડે er અથવા ier આવે તો r નો ઉચ્ચાર થતો નથી જેમકે donner (દોને) ouvrier (ઉવ્રીયે) અને monsieur (મોંસીયે) માં પણ r નો ઉચ્ચાર થતો નથી.

વળી આ રૂલ સીવાય કોઇ વખત કોઇ શબ્દના છેડે er આવેલ હોય તો પણ r નો ઉચ્ચાર થાય છે જેમકે aimer (આમેર) l'hiver (લીવેર) cuiller (કવીયેર)

rr. ડબલ સાથે આવેલા હોય તો પણ તેનો ર ઉચ્ચાર થાય છે,

S એસના બે નાદ થાય છે, એક દાબીને સ અને બીજો ઝ થાય છે, દાબીને થઈ શકે તેવા ઉચ્ચાર જેવાકે sel (સેલ) sur (સ્યુર) soir (સુઉઆર) પણ જો s એ સ્વરની વચમાં આવેલ હોય તો ઝ ઉચ્ચાર થાય છે જેમકે rose (રોઝ) raser (રાઝે)

sc એસ અને સે જો બાજુમાં આવેલ હોય અને તેની પછી e i y આવેલાં હોય તો સ, ઉચ્ચાર થાય છે જેમકે scene (સેન) scipion (સીપીઓ) science (સીયાંસ) પણ જો sc ની બાજુમાં a o u અગર lr અને બીજા સર્વ વ્યંજન આવેલા હોય તો સ્ક ઉચ્ચારથાય છે. જેમકે scabreux (સ્કાબ્રુ) scorpion (સ્કોરપીયો) esclave (એસકલાવ) scrupule (સ્ક્રીપ્યુલ) વળી શબ્દને છેડે s આવે અને તેની પછી કોઇપણ સ્વર કે વ્યંજન નહી આવેલા હોય તો s નો ઉચાર થતો નથી જેમકે repas (રેપા) alors (આલોર) mes (મે) પણ કોઇ વખત શબ્દને છેડે s આવેલો હોય તો પણ s નો ઉચ્ચાર થાય છે જેમકે fils (ફીસ) l'ours (લુર્સ) lis (લીસ)

T તેનો ત ઉચ્ચાર થાય છે પણ જ્યારે ti કોઇ શબ્દની વચમાં વપરાય અને તેની બાજુમાં કોઇપણ સ્વર આવે છે ત્યારે તેનો ઉચ્ચાર સી. થાય છે. માટે tial (સીઆલ) tiel (સીએલ) tieux (સીયે) tie (સી) tion (સીઓં) એ સઘળા પદ જ્યારે શબ્દની વચમાં વપરાયેલાં હોય ત્યારે તેનો ઉચ્ચાર બતાવ્યા પ્રમાણે સી થાય છે. જેમકે

partial (પારસીઆર) minutieux (મીનીસીયે) પણ tien કોઈ સમુદાય વાકય અને વીશેશ નામની છેડે આવેલો હોય તો સીએ વંચાય છે વળી t કોઇ શબ્દને છેડે આવેલો હોય તો તેનો ઉચ્ચાર થતો નથી જેમકે habit (આબી) plat (પલા) bout (બુ) tout (તુ) તેમ આ રૂલ શીવાય કેટલાંક શબ્દને છેડે t આવેલો હોય તો તેનો ઉચ્ચાર થાય છે. જેમકે fat (ફાત) but (બ્યુત) sept (સેત) પણ તે ઘણો ધીમો બોલાય છે.

th, t અને h નો ઉચ્ચાર થ, થાય છે, જેમકે theologie (થેઓલોઝી) theatre (થેઆત્ર).

X ઇકસ જો કોઇ શબ્દ નો પેલો અક્ષર અથવા વચમાં વપરાયેલ હોય તો તેનો ઉચ્ચાર કાંઇક ગઝ સાથે બોલીયે એવો થાય છે તેમ કોઇ વખત ચોખો ઝ ના જેવો ઉચ્ચાર થાય છે મતલબ કે તેમ કોઇ વખત સ ના જેવો ઉચ્ચાર થાય છે તેનો નીયમ નથી. xavier (અગ્ઝાવીએ) axe (આગ્ઝ) maxime (માગ્ઝીમ) વળી ઝ, ના જેવો ઉચ્ચાર જેમકે deuxlime (ધેઝીએમ) dixieme (ધીઝીએમ) વળી સ, ના જેવો ઉચ્ચાર જેમકે dix (ધીસ) soixante (સુઆ સાંત) Bruxelles (બ્રોસેલ) વળી x કોઇ શબ્દને છેડે હોય તો તેનો ઉચ્ચાર થતો નથી જેમકે doux (ધુ) deux (ધે) voix (વુઉઆ) પણ જ્યારે x શબ્દને છેડે હોય અને તેની બાજુમાં બીજા નવા આવતા શબ્દનો પેલો અક્ષર કોઈ સ્વર હોય તો બન્ને થઇને ઝના જેવો ઉચ્ચાર થાય છે જેમકે dix-ans (ધીઝાં) deux enfants (ધે ઝાંફાં) un doux accents (એં ધુ ઝાકસાં)

Z ઝેદ નો ઉચ્ચાર ઝ ના જેવો થાય છે. પણ જો તે શબ્દને છેડે આવેલો હોય તો તેનો ઉચ્ચાર થતો નથી. જેમકે zèle (ઝેલ) gaze (ગાઝ) અને z છેડે હોય ને નહીં ઉચ્ચાર થાય એવા જેવા કે nez (ને) assez (આસે) donnez (દોને)

નાકમાંથી બોલાતા ઉચ્ચાર (અનુ નાસીક વર્ણ)

જ્યારે સ્વર પછી m અથવા n આવે ને વખતે સાથે mm અથવા nn હોય અને પછી વ્યંજન હોય તો ઙ અનુસ્વરનો ઉચ્ચાર

થાય છે તેના નીચે પ્રમાણે રૂપો થાય છે તે સમજી ને વાંચવા પણ પાછળ સ્વર હોય તો તેનો ઉચ્ચાર જુદો પડે છે.

am } આં rampe (રાંપ) champ (શાં)
an } ,, dans (દાં) lance (લાંસ)
em } ,, remplir (રાંપ્લીર) temps (તાં)
en } ,, en (આં) mentir (માંતીર) engager(આંગાઝે)

aim } એં fain (ફેં) essaim (એસેં) daim (દેં)
ain } ,, bain (બેં) pain (પેં) sain (સે)
eïn } ,, sein (સેં) ceinture(સેંચ્યુર)
in } ,, pin (પેં) crin (ક્રેં) vin (વેં)
im } ,, imposer(એંમ્પોઝે) (એંમ્પોર્ત) importe
ym } ,, thym (થેં) nymphe (નેંમ્ફ)

ian (ઇઆં) viande (વીઆંદ) pliant (પ્લીઆં)

ien (ઇઆં) બધા નામ કે વિશેપણમાં ien વપરાયેલ હોય અને પાછળ વ્યંજન હોય તો પણ (ઇઆં) ઉચ્ચાર થાય જેમકે science (સીઆંસ) patient (પાસીયાં) વળી જ્યારે કોઇ શબ્દમાં ien આવતો હોય અને પાછળ કાંઇપણ સ્વર અગર વ્યંજન નો હોય તો તેનો ઉચ્ચાર (ઇએં) થાય છે જેમકે chien (શીએં) rien (રીએં) ancien (આંસીએં)

પરંતુ જ્યારે ક્રીયાપદના અનીમીત કાળમાં જેવાંકે tenir (તેનીર) venir (વેનીર) તેનું રૂપ ફરી જાય અને જ્યારે tiens થાય ત્યારે તેનો ઉચ્ચાર (તીએં) થાય છે અને venir (વેનીર) ક્રીયાપદનો ઉચ્ચાર ફરીને જ્યારે viendra થાય છે ત્યારે તેનો ઉચ્ચાર પણ (વીઆંદ્રા) થાય છે.

om } ઓં ombre (ઓંબ્ર) plomb (પ્લોં)
on } ,, bon (બોં) non (નોં) ronde (રોંદ)

ion ઇયોં action (આકસીયોં) passion (પાસીયોં)

um } એં umbre (એંબ્ર)
un } ,, brun (બ્રેં) cheun (શાકેં) tribun (ત્રીએં)
eum } ,, × × × × ... ...
××× }

oin ઉએં foin (ફુએં) coin (કુએં) joindre (ઝુએંદ)

નોટ:—જ્યારે કોઇ શબ્દમાં ડબલ mm અથવા nn આવે ત્યારે અને તેની પછી સ્વર આવે તો તેનો ઉચ્ચાર નાસીક દ્વારા થતો નથી પણ તેનો ઉચ્ચાર (n) અથવા (ન) થાય છે જેમકે constamment (કાસંતામાં) imminent (ઇમીનાં) immoler (ઇમોલે)

૨ વળી આ એક બીજો દાખલો છે કે બીજા પણ એવા શબ્દો છે કે emm વપરાયેલ હોય તો પણ નાશીકા દ્વારા બોલાય છે જેમકે ennoblier (આંનોબ્લીએ) ennuyer (આંન્વીએ) hennir (આંનીર)

કેટલાક વપરાતા શબ્દોના ઉચ્ચાર.

Neuve (નેવ) veu (વે) Jeux (ઝે) déces (ધેસે) coucou (કુકુ) mire (મીર) baûme (બામ) lyre (લિર) miauler (મિઓલે) viande (વિયાંદ) louange (લુઆંઝ) suaire (સીએર) nuire (નુઇવીર) babouin (બાબુએં) suave (સીઆવ) fouille (ફુઇ) bille (બિ) billard (બિઆર) quille (કિ) maille (માઇ) feuille (ફેઇ) creuser (ક્રેઝે) fiévreux (ફીએવે) vainerez (વેક) intérét (એંતેરે) pleine (પ્લેંન) trinité (ત્રીનીતે) Jeunesse (ઝેનેસ) vitraux (વિત્રો) amiraux (આમીરો) créneaux (ક્રેનો) timbale (તેમ્બાલ) timbre (તેમ્બ્ર)

નહિ થતા અવાજના ઉચ્ચાર.

ફ્રેંચ ભાષામાં જ્યારે l પછી l અથવા ll આવેલો હોય તો એલનો ઉચ્ચાર થતો નથી પણ (ઇય) થાય છે જેમકે:—

ail travail (ત્રાવાય)
aill bataille (બાતાઇ) caillou (કાઉિયુ)
eil eill soleil (સોલેઇ) reveil (રેવેય)
euil deuil (દેઇ)

evill vuilly (વેયે) feuillage (ફેયાઝ)
oeil–oeill oeillet (ઓઇયે)
ouil ouill fenouil (ફેનુઇ) bouillon (બુઇયોં)

પરચુરણ નામો—અર્થ તથા ઉચ્ચાર સાથે.

	ઉચ્ચાર	અર્થ	besoin	બેઝઉવેં	જોઇએ છે
mère	મેર	મા	faux	ફો	ખોટું-ગુનો
père	પેર	બાપ	peine	પેન	દુખ
frère	ફ્રેર	ભાઇ	cœur	ફેર	હ્રદય
sœur	સેર	બેન	dieu	જીએ	પરમેશ્વર
chat	શા	બિલાડી	bout	બુ	મથાળું
chien	શીએ	કુત્તો	tout	તુ	સઘળું
vache	વાશ	ગાય	notre	નોત્ર	આપણું
			monde	મોંદ	દુનીઆ-લોકો
après	આપ્રે	પછી	mer	મેર	સમુદ્ર
avare	આવાર	કૃપણ	vallée	વાલે	ખીણ
porter	પોર્તે	ઉચકવું.	ancien	આંસીયે	અસલી જુનું
fer	ફેર	લોખંડ	cheveu	શેવે	વાળ
bonlanger	બુલાંઝે	ભઠીઆરો	aracher	આરાશે	ઉખેડીનાખવું
bannir	બાંનીર	દેશવટો દેવો	côte	કોત	ટેકરી
dirai	દીરે	કહેશે (એકવચન)	côté	કોતે	બાજુ
diront	દીરોં	કહેશે (બહુવચન)	coton	કોતોં	રૂ. સુતર
epais	એપે	જાડું	rond	રોં	ગોળી
espoir	એસપુઆર	આસા રાખવી	mentir	માંતીર	જુઠું બોલવું
été	એતે	ઉનાળો	un-une	એં-યુન	એક
livre	લીવ્ર	ચોપડી	brun	બ્રં	ઘેરૂ-ભુરૂ
moi	મુઉઆ	હું	brune	બ્રીન	ઘેરૂ ભુરૂ નારીજાતી
beau	બો	સુંદર	jatt	ઝાત	વાડકો
quand	કાં	ક્યારે	chatte	શાત	બિલાડી
persomme	પેરસોન	માણુસ-વ્યકિત	rouge	રૂઝ	રાતુ

mouche	મુશ	મચ્છર
chose	શોઝ	ચીજ
rose	રોઝ	ગુલાબીગુલાબ
rosser	રોસે	ફટકા મારવો
dix	ધી	દશ
dixaine	ધીઝેન	દશક
peril	પેરીલ	ભયંકર
sommeil	સોમેઇ	નીંદ્રા
grille	ગ્રીય	લોઢાનીજાળી
compagnie	કોંમ્પાઇં	ભાગીદારી
mouillé	મુઇયે	ભીંજાઇગયેલુ
gagné	ગાઇયે	મળ્યું
betail	બેતાય	ઢોરઢાંખર
linge	લેંઝ	લુગડું
aigle	એગ્લ	શમરા
longueur	લોંગેર	લંબાઇ
douze	ધુઝ	બાર
nation	નાસીઓં	જાત
matin	માતેં	સવાર
soir	સુઆર	સાંજ
essentiel	એસાંસીએલ	કોઇપણ ચીજ નો અર્ક
ambitiux	આંબીસીયે	મોટાઇ મેળવવાની ઇચ્છા
profession	પ્રોફીસીયો	ધંધો
jardinage	ઝારદીનાજ	વાડીનો ધંધો
malheureux	માલેરે	દુખી
hirondelle	ઇરોંદેલ	ચકલી
choisir	શુઆઝીર	પસંદ કરવું

grand	ગ્રાં	મોટું
bain	બેં	નાહવાની જગ્યા
pile	પીલ	બટેરી
scorpion	સકોપીયોં	વીંછી
colonie	કોલોની	રાજ્ય સાખ
bapteme	બાતેમ	જળ સંસ્કાર કરી ખ્રીસ્તી ધર્મમાં દાખલ કરી દીક્ષા આપવી.
cuiller	કુઇયે	કવર ચમચો.
temps	તાં	વખત
cinquieme	સેંકીએમ	પાંચમું
qui	કી	કોણ
quoi	કુઓઆ	શું
répété	રેપેત	ફરીથી બોલી જાવુ
bonnet	બોને	ઉભી ટોપી
cap	કાપ	બેડી ટોપી
verre	વેર	ગલાસ
fier	ફીએર (કી)	ભરોશો રાખવો (adj) અનુની
abime	આબીમ	ખરાબ કરી નાંખવું
finirai	ફીનીરે	પુરૂ કરીશ
bateau	બાતો	મેલ
matelot	માતેલો	ખલાશી
paysan	પેયઝાં	ગામડીઓ
oeuvre	એવ્ર	પ્રયત્ન
ouvrage	ઉવરાઝ	કામ
montagne	મોંતીય	પહાડ
don e	દોં	જેમ
chretien	ક્રેચીએ	ખ્રિસ્તી

hurler	હ્યુરલે	બુરકવું
apprentissage	અપ્રાંતીસાઝું	કામ શીખવું
poison	પુઆઝોં	ઝેર
poisson	પુઆસોં	માછલી
potion	પોસીઓં	મેરવણી
population	પોપીલાશીઓં	વસ્તી
leçon	લેસોં	પાઠ
gâteaux	ગાતો	મીઠાઇ
printemps	પ્રેતાં	વસંત ૠતુ
reçois	રેસ્વા	મળે છે
jambon	ઝાંબોં	ડુક્કરની ચરબી
agneau	આંઇયોં	મેંઢું
Paris	પારી	ફ્રાંસની રાજધાનીનું શહેર
Londre	લોંદ્ર	ઈંગ્લાંડની રાજધાનીનું શહેર
Vienne	વીએન	એસીઆ હંગીરીનું રાજધાનીનું શહેર

un fauteuil		આરામખુરશી
un voiture	(ઈનવોઆતીર)	કોચ
un lit	(એલી)	બીછાનું
Du drap	(દીદ્રા)	કપડું
une épée	(ઇનીએપ)	તરવાર
une sabre	(ઇન સાબ્ર)	પહોળી તરવાર
une ipingle	(ઇન ઍપેંગલ)	ટાંચણી
une bowurse	(ઈન બુરસ)	પૈશાની કોથળી
des lunettes	(દેલીનેત)	ચશ્મા
une rasoir	(ઇનરાઝુઉવાર)	અસ્રા
un habit	(એંનાબી)	કોટ-દ્રેશ
un gilet	(એંઝીલે)	વાસકોટ.
une veste	(ઇન વેસ્ત)	જાકીટ, બદન
des bas	(દેબા)	મોજા બાયડીનાં
un chapeau	(એંશપોં)	ટોપી,

બે શબ્દો સાથે જોડાઇને બોલાય તેવાની નોંધ.

જ્યારે બે શબ્દો સાથે આવે છે અને તેમાં બીજા શબ્દનો પહેલો અક્ષર સ્વર હોય અથવા h હોય તો પણ તે સ્વર લેખાય છે તો પહેલાં આવનાર શબ્દની સાથે જોડાઇને બોલાય પણ જો અવ્યય હોય તો તેની સાથે જોડા નહી. તેથી તેવા બે શબ્દ નોખા નોખા બોલવા. તેના થોડા દાખલા નીચે આપીએ છીએ તે ઉપર ધ્યાન આપો

les hommes	લે ઝોમ	માણસો
les enfants	લે ઝાંફાં	છોકરાંઓ.

Des arbres (દેઝારબ્ર) ઝાડોનું.
nos amis (નોઝામી) આપણા મિત્રો.
Nous avons (નુઝાવાં) અમારી પાસે છે.
Ils ont (ઇલઝોં) તેઓની પાસે છે.
Pas encore (પાઝાંકોર) હજી નહીં.
avce un enfant (આવકેંનાંફા) એક બાળક સાથે.
Ses plus cruels ennemis (સેપ્લી ક્રૂએલઝાંનેમી) તેઓના ઘણા ઘાતકી દુસ્મનો.
Songez a vos affaires(સોં ઝેઝા વોઝાફેર) તમારા કામમાં ધ્યાન આપો.
Vous en souvenez vousencore (વુંઝા સુવેને વુંઝાંકોર) હજી પણ તમને પોતાને યાદ છે.?
Elles apprenaient à lire (એલઝાપ્રેને તાલીર) તેઓ (નારી) વાંચતાં શીખે છે.
Peu de temps après (પે ધે તાં ઝા પ્રે) થોડા વખત પછી.
Vous êtes un enfant (વુઝેત ઝેં નાંફા) તમે એક બાળક છો.
Les Hollandais sont industrieux (લે ઝાં લાં દેસોં તેંદી સ્ત્રીએ) હોલાંડના લોકો ઉદયોગી છે.
cet habit est a moi (સેતા બી એતા મુઉવા) આ ડ્રેસ મારો છે.
nous aurons eu (નુઝોરોંઝે) અમોને મળ્યું છે.
Je n'ai point d'habit (ઝેને પુએંદાબી) મારી પાસે કપડાં નથી
tu n'as pas de gilet (તીના પાદે ઝીલે) નારી પાસે વાસકોટ નથી.
il n'a point de bas (ઇલના પુઉવેં દેબા) તેની પાસે બાયડીનાં મોજાં નથી.
nous n'avons pas des souliers (નુના વોપા દે સુલીએ) અમારી પાસે જોડા નથી.
nous n'avons pas de chapeau (નુ નાવોં પા દે શાપો) અમારી પાસે ટોપી
ils n'ont pas de chemise (ઇલનો પાદે શેમીઝ) તેઓની પાસે ખમીસ નથી.
Je n'avais pas de linge (ઝે નાવે પાદે લેંઝ) મારી પાસે કપડાં નહીં હતાં

Donnez moi du pain (દોને મુઉવા દીપેં) મને થોડો રોટલો આપો.
Donnez moi de la viande (દોને મુઉવા દેલાં વીઆંદ) મને થોડુંક માંસ આપો.
J'ai du pain (ઝે દીપેં) મારી પાસે થોડો રોટલો છે.
Tu as de la Viande (તીઆ દેલાવી વીઆંદ) તારી પાસે થોડું માંસ છે.
Il a du vin (ઇલ આ દીવેં) તેની પાસે થોડો દારૂ છે.
Nous avons despommes (નુઝા વેદિ પોમ) અમારી પાસે થોડાં સેલ ફળ છે.
Vous avez des fruits (વુઝાવે દે ફ્રુઇ) તમારી પાસે ફળ છે.
Ils ont des oranges (ઇલઝોં દેઝોરાંઝ) તેઓની પાસે થોડાં નારંગી છે.
j'ai une figue (ઝે ઇનફીગ) મારી પાસે અંજીર છે.

વ્યુત્પતિ ગ્રામર.

ફ્રેંચ ભાષામાં વાકયમાં દશ ભાગ છે તેને વાકય વિચાર કહે છે તેનાં નામ.

1 L'Article (લા તીકલ)
2 Le Substantif લે સીબ્સતાંતીફ ભાવવાચક નામ
3 L'Adjectif determinatif લા દજેકતીફ દેતેરમીનારતીફ, વિશેપણ
4 L'adjectif qualificatif કાલીફાકાતીફ ગુણવાચક.
5 Le pronom લેં પ્રોનોં સર્વનામ.
6 Le verbe લે વેર્બ ક્રિયાપદ.
7 L'adverbe લાદ વેર્બ ક્રિયા વિશેષણ.
8 La préposition લાપ્રેપોઝીશીયોં શબ્દ યોગી અવ્યય.
9 La conjonction લાકોંન્જોકંશીયોં ઉભ્યાનવ્યી અવ્યય.
10 L' interjection લેંતેર જેકશીયોં કેવળ પ્રયોગી અવ્યય.

ઉપરના દશ શબ્દના ભાગમાંથી પહેલાં ૬ અસ્થીર છે એટલે તે દરેક વીકારી છે બાકી ચાર સ્થીર છે એટલે તેનું રૂપ બદલાતું નથી ગુજરાતીની પેઠે વિકારીને અવિકારી થાય છે.

પાઠ ૧ લો આર્ટીકલ વિષે.

ફ્રેંચ ભાષામાં માત્ર બે જાતી છે નર જાતી ને નારીજાતી નજીવ પદાર્થ માંથી પણ કોઇ નર તથા નારી જાતી હોઇ શકે છે.

૧ જાતીનો ભેદ બતાવવાને નામને ચોકસ આર્ટીકલ લગાડવામાં આવે છે. નરજાતીની પહેલાં le અને નારીજાતીની આગલ la વપરાયેલ હોઇ છે અને બહુ વચનમાં બેને જાતીમાં એકજ les આર્ટીકલ છે તે ચોકસ બતાવે છે.

દાખલા નરજાતી	નારી જાતી
Le livre (લેલીવ્ર) તે બુક	La porte (લાપોર્ત) તે બારણું
Le père (લેપેર) બાપ.	La mère (લામેર) મા
Le Roi (લેરૂવા) રાજા	La reine (લારેન) રાણી

૨ આર્ટીકલ le એટલે ચોકસ રાજા અને la એક વચનમાં નામનો પહેલો અક્ષર h (આસ) અથવા સ્વર હોય તો આર્ટીકલનો e અથવા a ઉડી જાય છે ને તેનો (') એપોસ્ટ્રોફ મુકે છે.

દાખલા એક વચન.

નરજાતી.	નારીજાતી.
L' ami (લામી) દોસ્તદાર.	L' amie (લામી) સૈયર, સખી બ્હેનપણી
L' homme (લોમ) માણુસ.	L'histoire (લીસ્તુઉઆર) વાર્તા

જ્યારે ચોકસ નામ બતાવે ત્યારે le, la, les આર્ટીકલો વપરાય છે પણ જ્યારે કોઇ આખા વર્ગની ચીજમાંથી એકને બતાવવી હોય ત્યારે નરજાતીની પહેલાં (un) એં એક ને નારી જાતીની પહેલાં une ઇન વપરાય છે.

નરજાતી	નારી જાતી
un père (એંપેર) એક બાપ.	une mère (ઇનમેર) મા.
un ami (એંનામી) એક દોસ્તદાર	une amie (ઇનઆમી) સૈયર.
un roi (એંરૂવા) એક રાજા.	une reine (ઇનરેન) એક રાણી

આર્ટીકલના રૂપાખ્યાન માટે જુઓ પાઠ ૩ જો.

શબ્દો.

Le livre (લેલીવ) ચોપડી.	un chapeau(એંશાપો)ફ્ળી ટોપી
Le cheval (લંશેવાલ) ઘોડો.	La rose (લા રોઝ) ગુલાબનું ફુલ.
Le pain (લેંપે) રોટલો	La fleur (લેફ્લેર) ફુલ.
Le chien (લેશીયેં) કુતરો.	La plume (લાપ્લીમ) કલમ.
L'oncle (લોંકલ) કાકો.	La tante (લાતાંત) કાકી.
L'enfant (લાંફા) બાળક.	une poire (ઇનપુવાર) જામફળ.
L'or (લોર) સોનું.	uné pomme (ઇનપોમ) સેબફલ.
un jardin (એંઝાંરદેં) વાડી.	et (એ) અને.

મારી પાસે છે એટલે મારે કબજે છે એવું જણાવવા ખાસ ક્રીયાપદ છે તેનાં રૂપ.

એકવચન રૂપ.	અનેક વચન રૂપ.
J'ai (ઝે) મારી પાસે છે.	nous avons (નુઝાવોં) અમારી પાસે છે
Tu as (તીઆ) તારી પાસે છે.	vous avez(વુઝાવે)તમારી પાસે છે
Il a (ઇલઆ) તેની પાસે છે	Ils ont (નર) ઇલઝોં તેઓની પાસે છે.
Elle a (એલઆ) તેણીની પાસે છે	elles ont (નારી)એલઝોં તેઓની પાસે છે.

જ્યારે વાક્ય પ્રશ્નાર્થમાં હોય છે ત્યારે ક્રીયાપદ પેહેલું મુકે છે ને પછી કર્તા મુકે છે ગુજરાતીમાં ફેરફાર કરવો પડતો નથી પણ બોલવામાં ફેર હોય છે જેમકે શું મારી પાસે છે ? ai-je ? (એઝે) એવી રીત છે એ રૂપમાં ક્રીયાપદ આગળ મુકવા.

દાખલા પ્રશ્નાર્થના.

Avez vous le livre ? (આવે વુલે લીવ) તમારી પાસે ચોપડી છે ?
l'efant a-t-il ? (લાંફા આતીલ) બાળક પાસે છે ?
la mére a-t-elle (લામેર આંતેલ) મા પાસે છે ?
J'ai le livre (ઝે લેલિવ) મારી પાસે તે ચોપડી છે.
Tu as un livre (તી આ એંલિવ) તારી પાસે એક ચોપડી છે.
J'ai la rose (ઝે લા રોઝ) મારી પાસે ગુલાબ છે.

as-tu la rose? (આતી લા રોઝ) તારી પાસે ગુલાબ છે ?
Il a le cheval (ઈલ આ લેશેવાલ) તેની પાસે ઘોડો છે.
Elle a le pain (એલ આ લે પેં) તેણીની પાસે રોટલો છે.
Le père a un cheval (લેપેર આ એં શેવાલ) બાપ પાસે ઘોડો છે
La mère a unjardin (લા મેર આ એં ઝારદેં) મા પાસે વાડી છે
L'enfant a une poire (લાંફાં આ ઇન પુઉવાર) બાળક પાસે જામફળ છે.
nous avons un cheval (નુઝાવોં ઝં શેવાલ) અમારી પાસે એક ઘોડો છે.
avez vous un chapeau? (આવે વુઝં શાપો) તમારી પાસે ટોપી છે
ils ont un oncle et une tante (ઇલઝોં તેં એોંકલ એ ઇન તાંત) તેને એક કાકો ને કાકી છે.
Elles ont une tante (એલ ઝોંતીન તાંત) તેણીને એક કાકી છે.
l'enfant at-il une Plume? (લાંફાં આતીલ ઇન પ્લીમ) ? બાળક પાસે કલમ છે ?
la mère, at-elle la fleur? (લા મેર આ તેલ લા ફ્લેર ?) મા પાસે ફુલ છે ?
le Roi, at il un cheval? (લે રૂઉવા આતીલ એં શેવાલ) રાજા પાસે ઘોડો છે ?
il a le cheval (ઇલ આ લે શેવાલ) તેની પાસે ઘોડો છે.
les amis ont les livres (લે ઝામી ઝોં લે લીવ્ર) મિત્રો પાસે ચોપડીઓ છે ?
les enfants ont les plumes (લે ઝાંફા ઝોં લે પ્લીમ) બાળકો પાસે કલમો છે.
Donnez moi une figue (દોને મુઉવા ઇન ફીગ) મને અંજીર આપો
J'avais une peche (ઝાવે ઇન પેશ) મારી પાસે એક ફળ (ઇરાન દેશમાં થાય છે તે) હતું
Vous aviez du raisin (વુ ઝાવી એ દીરેઝેં) તમારી પાસે થોડી દ્રાક્ષ હતી.
Ils avaient du pain (ઈલ ઝાવેં દીપેં) તેઓ પાસે થોડો રોટલો હતો.

Nous etimes des figues અમારી પાસે થોડાં અંજીર હતા.

Elles eurent des dattes તેઓ પાસે થોડી ખારેકો હતી (નારી).

Mon frère aura du rotir મારા ભાઈ પાસે થોડું બાફેલું ગોશ્તનું માંસ હશેજ.

Sa sœur aura du raisin તેની બેન પાસે થોડી દ્રાક્ષ હશે.

apportez moi du burre થોડું માખણ મારે માટે લાવો.

Tu n'avais pas de toile તારી પાસે કાપડ નહીં હતું.

વાતચીત સવાલ જવાબના દાખલા.

ai je la rose ? (એ ઝે લા રોઝ) મારી પાસે ગુલાબ છે ?

Vous avez la rose (વુ ઝા વેલા રોઝ) તમારી પાસે ગુલાબ છે.

as-tu le pain ? (આ તિય લે પેં) શું તારી પાસે પાઉં છે ?

oui, J'ai le pain (ઉવી ઝે લે પેં) હા, મારી પાસે પાઉં છે.

at-elle la flear ? (આતેલ લા ફ્લેર) તેણીની પાસે ફુલ છે ?

Elle a la flear (એલ આ લા ફ્લેર) તેણીની પાસે ફુલ છે.

L'enfant at-il, le, livre ? (લાંફાં આતિલ લે લિવ્ર) બાળક પાસે ચોપડી છે ?

Il a le livre (ઇલ આ લે લિવ્ર) તેની પાસે ચોપડી છે.

avez vous un cheval ? (આવે વુઝેં શેવાલ) તમારી પાસે ઘોડો છે.

oui, nous-avons un cheval et un chien (ઉવી. નું ઝાવોં ઝેં શેવાલ એ એં શીયાં) હા, અમારી પાસે ઘોડો અને કુતરો છે.

l'enfant at-il une poire ? (લાંફાં આ તીલ ઇય પુઉવાર) બાળક પાસે જામફળ છે ?

l'enfant a une poire et une pomme (લાંફા આ ઇયન પુઉવાર એ ઇયન પોમ) બાળક પાસે એક જામફળ અને શેબફળ છે.

પાઠ ૨ જો નામ વિષે.

નામને જાતી સીવાય બહુવચન અને વિભક્તી (રૂપાખ્યાન) ની ગોઠવણ ધ્યાનમાં લેવા જેવી છે.

૧ નામના બહુ વચન વિશે સુચના:—

એક વચન નામને છેડે s મુકવાથી બહુવચન થાય છે પણ તેનો બોલવામાં ઉપયોગ થતો નથી પણ બહુવચન નામની પહેલાં આર્ટીકલને પણ બહુવચનનું રૂપ લાગે છે ત્યારે બોલવામાં આર્ટીકલનો s નો ઉચ્ચાર "ઝ" થાય છે પણ છેડે એક વ્યંજન સ્વર શીવાય આવે તે બોલાતો નથી જેમ s વિશેષણ છે તેના દાખલા.

le roi (લે રૂઉવા) રાજા.	la pomme (લાપોમ) શેબફળ.
les rois (લે રૂઉવા) રાજાઓ.	les pommes (લેપોમ) શેબફળો
le livre (લે લીવ) બુક, ચોપડી.	l'enfant (લાફાં) બાળક
les livres (લેલીવ) ચોપડીઓ.	les enfants (લેઝાંફાં) બાળકો.
l'homme (લોમ) માણસ.	l'ami (લામી) દોસ્તદાર.
les hommes (લેઝોમ) માણસો	les amis (લેઝામી) દોસ્તો, મીત્ર
la plume (લાપ્લીમ) પેન.	la mère (લામર) માતા.
les plumes (લેપ્લીમ) કલમો પેનો	les mères(લેમેર)માતાઓ બહુવચન

નીયમ ૨

કેટલાંક એક વચન નામને છેડે s x z હોય છે ત્યારે તેનું બહુવચન s પ્રત્યય લગાડે થતું નથી પણ માત્ર આર્ટીકલમાંજ ફેરફાર કરવો પડે છે. તેવા થોડાક દાખલા નીચે આપ્યા છે.

એકવચન	અનેકવચન
le fils (લેફીસ) છોકરો.	les fils (લેફીસ) છોકરાઓ.
la noix (લાનુ) અખરોટ.	les noix (લેનુઆ) અખરોટો.
le nez (લેને) નાક.	les nez (લેને) નાકો.

નીયમ ૩ જો.

કેટલાંક એકવચન નામમાં છેડે au, eau, eu, ieu, œu આવા સ્વરો આવેલા હોય તો તેવા નામોનું બહુવચન x લગાડેથી થાય છે, જેના દાખલા નીચે આપેલા છે.

એકવચન	બહુવચન
le chapeau (લેશાપો) મોટી ટોપી	les chapeaux (લેસાપો) મોટી ટોપીઓ,
le feu (લેફે) અગ્ની.	les feux (લેફે) અગ્નીઓ.
le lieu (લેલિયે) જગ્યા.	les lieux (લેલીયે) જગ્યાઓ.
le vœu (લેવે) ઇચ્છા.	les vœux (લેવે) ઇચ્છાઓ.

નીયમ ૪ થો.

ઉપરના રૂલ પ્રમાણે ફ્રેંચ ભાષામાં સાત નામ એવાં છે કે તેને છેડે જો ou આવેલો હોય તો તેનો ઉપરના રૂલ પ્રમાણે x લગાડવો ને નીચે પ્રમાણે.

એકવચનો છે.

le chou (લે શુ) કોબીજ,	le hibou (લેઈબુ) ઘુવડ.
le bijou(લે બીઝુ) જયુએલ ઘરાણું	le pou (લેપૂ) જુ
le caillou (લેકાયઉ) ચશ્માનો પત્થર	le genou (લેઝેનુ) ઘુંટણ.
	le joujou (લેઝુઝુ) રમતનીચીજ

ઉપલા એક વચનોને છેડે x લગાડવાથીજ બહુ વચન થાય છે જેમકે les choux, lesbijoux, les cailloux, les hibaux, les poux lesgenoux les Joujoux આવી રીતે આ બધા નામો સીવાય બીજા કોઇ પણ નામોને છેડે ou પ્રત્યય આવે તો તેને નીયમ પેલામાં લાગુ પડે છોં

નીયમ ૫ મો.

જે નામને છેડે al અથવા ail આવ્યો હોય તો તેનું બહુવચન aux પ્રત્યયે મૂકવાથી થાય છે જેમકે:—

એકવચન.	અનેકવચન
le cheval (લેશેવાલ) ઘોડો.	les chevaux (લેસેવો) ઘોડાઓ.
l'animal (લાનીમલ) પ્રાણી.	les animaux(લેઝાનીમ)પ્રાણીઓ.
le travail (લે ત્રાવાઇ) કામ	les travaux (લેત્રાવો) કામો

આ નીયમમાં પણ al નામને છેડે આવે છે, ત્યારે પહેલા નીયમ પ્રમાણે s મુકવામાં આવે છે. આવાં નામો બહુ થોડાં છે તેથી આ નીચે આપ્યાં છે જેમકે: —

એકવચન.	એકવચન.
le bal (લેબાલ) નાચ.	les bals (લેબાલ)
le carneval (લેકાર્નવાલ) રોમન કેથોલીક લોકોનો ધર્મોત્સવ	les carnevals (લે કાર્નવલ)
le portail (લેપોર્તાઇ) દેવળના નજદીકનો દરવાજો	les portails(લેપોર્તાઇ)દરવાજાઓ
le gouvernail(લે ગુવેરનાઇ)સુકાન	les gouvernails (લે ગુવેરનાઇ)
l'eventail (લેવાંતાઇ) પંખો.	les eventails (લેઝેવાંતાઇ) પંખા.
le detail (લે દે તાઇ) જુદી જુદી બાબત	les details (લે દે તાઇ) જુદી જુદી બાબત.

નીયમ ૬ ઠો.

કેટલાંક નામોનું બહુવચન અનીયમીત રીતે થાય છેજ.

એકવચન.	અનેકવચન.
le ciel (લેશીએલ) સ્વર્ગ આકાશ	Lescieux (લેશિએ) સ્વર્ગો.
l'œil (લેઇ) આંખ.	les yeax (લેઝીયે) આંખો.
l'aïeal (લાઇએલ) પુર્વજ.	les aïeux (લેઝાઇએ) પૂર્વજો
le betail (લેબેતાઇ) ઢોર.	les bestiaux (લે બેસુતીઓ) ઢોરે:

એક પદી નામના છેડામાં nt આવેલ હોય તો ત્યારે તેનું બહુવચન s પ્રત્યય લગાડે થાય છે જેમકે:—

એકવચન	અનેકવચન
la dent (લાદાં) દાંત.	les dents (લેંદા) દાંતો.
le pont (લેંપોં) પુલ.	les ponts (લેપોં) પુલો.

એક અથવા વધારે પદ વાચા નામમાં કેટલાક લખનારા ont અથવા ent આવે છે ત્યારે t મુકી દે છે ને ત્યાં s લગાડે છે પણ ખરૂં જોતો બહુવચન રૂપ કરતી વખતે માત્ર s લગાડવો.

નીયમ ૭ મો.

બીજા કેટલાંક નામો છે કે તેઓનું એકવચન થતું નથી જેમકે:—

les ancetres (લેઝાંશેત્ર) પુર્વજો.

les debris (લેદેબ્રી) પાયમાલી.

les environs (લેઝાંવીરોં) પરાં, ગામની આસપાસની વસ્તી.

les epinards (લે ઍ પિનાર) એક જાતનું ફ્રાંશમાં થતું ઝાડ.

les funerailles (લેફિનેરાઇ) મુડદાંને દાટવા બાળવાની ક્રીયા ઉતર ક્રીયા

les gents (લેઝાં) લોકો.

les legumes (લેલેગીમ) શાકભાજી.

les limites (લે લીમીત) હદ, સીમા, મર્યાદા.

les mathematique (લે માથે માતીક) ગણીતશાસ્ત્ર.

les moeurs (લેમેર) રીત, પદ્ધતિ.

les mouchettes(લેમુશેત)તમાકુ સુંઘનાર, દીવાબતીના મોગરાકાતરનાર

les ténébres (લેતેનેબ્ર) અંધારૂં,

શબ્દો.

le kanif (લે કાનીફ) ચપ્પુ.	le Jeu (લેઝે) રમત.
le frère (લેફ્રેર) ભાઇ.	la souris (લાસુરી) ઉંદરડી.
la sœur (લાશેર) બેન.	le corail (લેકોરાઇ) પરવાળા
la porte (લાપોર્ત) દરવાજો.	le bras (લેબ્રા) હાથ.
la maison (લામેઝોં) ઘર.	le chameau (લેશામોં) ઉંટ.
le chateau (લેશાતો) કીલ્લો કોટ	le couteau (લે કુતો) છરી.
le palais (લેપાલે) મહેલ.	mon, ma (મોં, માં) મારૂં, મારી
un tableau(એં તાબ્લો) ચીત્ર છબી	vu (વી) દેખાવ
le chat (લેશા) બીલાડી	ou (ઉ) અથવા, કે
le general (લે જેનેરાલ)જનરલ	deux (દે) બે.
quatre (કાત્ર) ચાર.	trois (ત્રુવા) ત્રણ.
cinq (સેંક) પાંચ.	voici (ઉવાશી) અહીંઆં.
aussi (ઓસી) વળી પણ.	voila (ઉવાલા) ત્યાં.

મારી પાસે હતુના રૂપાખ્યા।.

Sing એકવચન.	Plu—બહુવચન
J'avais મારી પાસે હતું.	Nous avions (નુઝાંવીયોં)અમારી પાસે હતું
Tu avais (તી આવે) તારી પાસે હતું	vous aviez (વુઝાવીએ) તમારી પાસે હતું.
il avait (ઇલાવે) તેની પાસે હતું.	ils avaient ઇલિઝાવેં) તેઓની
elle avait (એલાવે) તેણીની પાસે હતું.	elles avaient એલઝાવેં) પાસે હતું

ભાષાંતર વાકયો.

૧ અમારી પાસુ એક ચપ્પુ હતું Nous avions un canif (નુઝાવીયોં ઝેંકાનીફ)

૨ તમારી પાસે બે ચપ્પુ હતાં Vous aviez deux canifs (નુઝાવીએ દે કાનીફ)

૩ મારા ભાઇ પાસે છરીઓ છે Mon frère a les couteaux (મોંફ્રેર આ લે કુતો)

૪ ઘરને બે દરવાજા છે la maison a deux portes (લા મેઝો આ દે પોર્ત)

૫ મારી પાસે અખરોટ હતી? Avais je les noix ?(આવે ઝ લે નુઉવા)

૬ તમારી પાસે રમવાની ચીજો હતી? Aviez vous les joujoux (આવીયે વુલે ઝુઝુ)

૭ હા, અમારી પાસે રમવાની ચીજો હતી. Oui nous avions les joujoux (વુઇ નુઝાવીયોં લે ઝુઝુ)

૮ રાજાને ત્રણ કીલ્લા હતા Le roi avait trois chateahx (લે રૂઉવા આવે ત્રુવા શાતો)

૯ રાણી પાસે પરવાળા છે la reine a les coraux (લારેન આ લે કોરો)

૧૦ તેણીની પાસે રત્ન પણ છે Elle a aussi les bijoux (એલ આ ઓસી લે બીઝુ)

૧૧ અહીં ચાર ઉંદરડી છે Voici quatre souris (ઉવાસી કાત્ર સુરી)

૧૨ બાળકો પાસે ત્રણ સેબફળો હતા Les enfants avaient trois pomme (લે ઝાંફા ઝાવે વુવા પોમ)

૧૩ મારા કાકા પાસે બે ઘોડા હતા Mono nele avait deux chevaux (મોનોંકલ આવે દે સેવો)

૧૪ મારી કાકી પાસે પાંચ છબીઓ છે Ma tante a cinq tableaux (મા તાંત આ શેક તા બ્લો)

૧૫ ઉંટોને ખુંધ હોય છે Les chameaux ont une bosse (લે શામો ઓતીન બોસ)

૧૬ મારી માને બે બ્હેનો અને ત્રણ ભાઇ છે Ma mére a deux sœurs et trois frères (મા મેર આ દે સેર એ ત્રુવાફ્રેર)

૧૭ મારી પાસે ત્રણ ઉંટ છે J'ai trois chameaux (ઝે ત્રુવા શામો)

૧૮ માણસને બે હાથ હોય છે les hommes a deux bras (લે ઝોમ આ દે બ્રા)

૧૯ આજ તમે કેમ છો ? Comment etes vous aujourd'hui (કોમા એત વુઓઝ, રદવી)

૨૦ મને જરા ઠીક લાગે છે. Je me sens un peu mieux (જે મેં સાં ઝેયેં મીયે)

૨૧ તમને જરા ભુખ લાગે છે ? Vous sentez vous de l'appetit ? (વુ સાંતે વુ દે લાપેતી)

૨૨ બીલકુલ નહિ Pas du tout (પાદી તુ)

૨૩ તમારી જીભ જેવા દો ? montre votre lang (મોત્રે | વોત્ર લાંગ)

૨૪ તમારો છોકરો ક્યાં છે ? ou est votre fils (ઉએ વોત્ર ફીસ)

૩૫ તે નીચે છે Il est en bas (ઇ લે આંબા)

વિભક્તિ વિશે cases.

ગુજરાતી વ્યાકરણમાં વિભકતી સાત છે પણ ફ્રેંચ ભાષામાં ચાર વિભકિત છે. જેમ ગુજરાતીમાં પહેલી બીજીનો પ્રત્યય નથી પણ કર્તા પહેલી ને કર્મ બીજી વિભકિતમાં હોય છે તેને ફ્રેંચીમાં પહેલી તથા બીજીનો ગુજરાતી પ્રમાણેજ નીયમ છે કારણકે ફ્રેંચીમાં પણ પ્રત્યય લાગતા નથી પણ ચોથી વિભકિત માટે શબ્દ યોગી અવ્ય (a) મુકે છે ને છઠ્ઠી વિભકિતમાં de (દે) નો ની નું નાં મુકે છે બીજી વિભકિત નથી.

વિભકતી ચાર. નિચે પ્રમાણે.

le nominatif (લે નોમીનાતીફ) કર્તા (પહેલી વિભકત)
l'accusatif (લાકીઝાતીફ) કર્મ (બીજી વિભકતા)
le genitif (લેઝેનીતીફ) છઠ્ઠી (de)
le Datif (લેદાતીફ) ચોથી (à)

વિભકિત વિશે.

પહેલી તથા બીજી વિભકતી એકવચન અથવા બહુવચનમાં એકજ રીતે થાય છે વાકય ગોઠવવામાં પહેલો કર્તા પછી ક્રીયાપદ અને પછી કર્મ આવે છે જેમકે:—

la mère aime la fille (લામેર એમ લાફી) મા દીકરીને ચાહે છે આ વાકયમાં la mère પહેલી વિભકતીને la fille બીજી કર્મ છે.

છઠ્ઠી વિભક્તીનો પ્રત્યય ગુજરાતીમાં નો, ની, નું, પ્રત્યય છે પણ ફ્રેંચમાં de (દે) થીજ છઠ્ઠાનો અર્થ દેખાડે છે. બહુવચનમાં des (દે) માત્ર (s) પાછલ લગાડે છે de અથવા des ની પછી આર્ટીકલ મુકવાની રૂઢી છે એકવચનમાં de, le અથવા la વપરાય છે પણ તેનું ટુંકુંરૂપ du વાપરવાની રીત છે પણ જે નામની સાથે દર્શક સર્વનામ મારો, મારી, આવેલાં હોય તો આર્ટીકલ મુકાતો નથી કેમકે મારો, મારી એજ આર્ટીકલ છે તેના દાખલા.

એક વચનના દાખલા:--

De le roi [દે લે રુઉવા] રાજાનું આમ બોલાય પણ તેના ટુંકા રૂપમાં Du roi [દી રુઉવા] રાજાનું આવી રીતે ટુંકામાં બોલી શકાય છે.

લાંબુ રૂપ De le père [દેલેપેરે] બાપનું ટુંકું રૂપ [Du père] દીપેર [બાપનું.

બહુવચન લાંબુ રૂપ.	ટુંકુંરૂપ બહુવચન.
De les rois [દેલેરુઉવા] રાજાઓનુ	Des rois [દે રુઉવા] રાજાઓનું
De les méres [દેલેમેર] માતાઓનુ	Des méres [દેમેર] માતાઓનું.
	આવીજ રીતે બોલી શકાય છે આનું ટુંક રૂપ

De mon ami [દે મોં નામી) મારા મીત્રનું.

De ma mére [દેમા મેર] મારી માનું.

પણ જે નામ ચોકસ બતાવવું નથી અને જેમાં એક એવો અર્થ બતાવવાને નરજાતીમાં un [એં] ને નારી જાતીમાં une [એઇન] પહેલા de આવે ત્યારે તેના છેડાનો e ઉડી જાય છે ને તેને ઠેકાણે આપોસ્ત્રોફ મુકાય છે તેના દાખલા જેમકે:--

D'un roi (દેંરુવા) રાજાનું.
D'une reine (દીનરેન) રાણીનું.

} એટલે કોઇપણ રાજા અથવા રાણી ચોથી વિભક્તિમા પહેલાં a મુકી તે પછી le, la, les અથવા un une આર્ટીકલ વપરાય છે તેના દાખલા જુઓ પાન ૨૮ મે.

a un roi (આએંરુવા) રાજાને
a une reine (આઇનરેન) રાણીને

} જાતિદર્શની અચોકસ.

a l'homme (આલોમ) માણસને
a l'ami (આલામી) દોસ્તને

} દર્શની ચોકસ.

le (લે) આરટીકલની પછી (à) મુકવામાં આવે છે ત્યારે le à (લે આ) ને બદલે સંક્ષેપમાં au રૂપ લગાડે છે ને બહુવચને à les (આલે) ને બદલે aux ટુંકું રૂપ થાય છે.

એકવચન.	બહુવચન.
au roi (ઓરૂઉવા) રાજાને	aux rois (ઓરૂવા) રાજાઓને
au frère (ઓફ્રર) ભાઇને	aux frere (ઓફ્રર) ભાઇઓને

વિભકિતના રૂપ.ખ્યાન—એક વચનનાં

	નારી	નર
પહેલી વિભકતી	la mère લામેર મા.	le père (લેપેર) બાપ.
બીજી ,,	la mère લામેર મા.	le père (લેપેર) બાપ.
છઠ્ઠી ,,	De la mère દેલામેર માનું	Du père (દીપેર) બાપનું.
ચોથી ,,	à la mére આલાએ માને	au pére (ઓપેર) બાપને.

બહુ વચનના

	નર.	નારી
પહેલી ,,	les péres બાપો.	les mères માતાઓ.
બીજી ,,	les pères બાપો.	les mèrss માતાઓ.
		des mères માતાઓનું.
છઠ્ઠી ,,	des péres બાપોનું.	aux mères માતાઓને.
ચોથી ,,	aux péres બાપોને	

એકવચન,

l'ami (લામી) દોસ્તદાર	
l'ami દોસ્તદાર	
de l'ami (દેઝામી) મીત્રનું	
à l'ami (આલામી) મીત્રને	
les amis (લેઝામી) મીત્રો.	
des amis (દેઝામી) મીત્રોનું	
aux amis (ઓઝામી) મીત્રોને.	

	એકવચન
પહેલી ,,	l'âme (લામ) આત્મા.
બીજી ,,	l'áme (લામ) ,,
છઠ્ઠી ,,	de l'áme (દેલામ) આત્માનું
ચોથી ,,	à' l'âme (આલામ) આત્માને

બહુવચન.

પહેલી,,	les âmes લેઝામ આત્માઓને
બીજી ,,	les âmes ,, આત્માઓને
છઠ્ઠી ,,	dux ames દેઝામ આ માઓનું
ચોથી ,,	aux âmes એઝામ આત્મ ઓને

ઇન્ડીફીનીટના દાખલા.

નરજાતી,	નારીજાતી
પહેલી વિભકિત un Jardin (એઆરદે) વાડી.	une rose ગુલાબ.
બીજી ,, ,, ,,	,, ,,
છઠી ,, d'un Jardin (દેઆંરદે) વાડીનું	d'une rose (દેઇનરોઝ) ગુલાબનું
ચોથી ,, à un Jardin (આએંઝાંરદે) વાડીને	a une rose (આઇનરોઝ)ગુલાબને

ગુજરાતી ભાષામાં કોઇ નામ ચોકસ બતાવવું હોય અથવા આખા વર્ગની વાત થતી હોય તો આર્ટીકલ વાપરવાની રીત નથી, પણ ફ્રેંચ ભાષામાં વિશેષ નામ સીવાય બધા નામમાં આર્ટીકલ le la એક વચનને les બહુવચનમાં વપરાય છે પણ જ્યારે એકજ પ્રાણી અથવા પદાર્થને માટે le, la, આર્ટીકલ વપરાતા નથી પણ un નરજાતીમાં ને une નારી જાતીમાં મુકે છે.

ભાવાચક નામને કદી un અથવા une લગાડતા નથી પણ ડીફી- નીટ આરટીકલ વાપરે છે.

છઠી વિભકિતીમાં de પછી આર્ટીકલ મુકી બોલાય છે.
ચોથીમાં પણ à પછી આર્ટીકલ મુકી બોલાય છે,

de l' homme (દેલોમ) માણુસનું }
de la vie (દેલાવી) જીંદગીનું }
à la vie (આલાવી) જીંદગીને.

જેમકે:—

ભાઇનો કોટ l' habit du frére (લાબીદીફ્રેર)
કુંવરોની બ્હેનો les sœurs des princes (લે સેર દે પ્રેન્સ).

શબ્દો.	
પરમેશ્વર dieu (દીયે) ઇશ્વર.	પ્રતીમા } ચીતાર } l'image (લિમાઝ)
પેદાકરનાર le créateur(લેક્રેઆતેર)	મરણ la mort (લામોર)
દુનીયા le monde (લેમોંદ)	પાંદડું la feuille (લાફેઇ)
દુશ્મન l'ennemi (લાંનેમી)	પક્ષી l' oiseau (લુઆઝો)
ઉંઘ le sommeil (લેસોમેઇ)	પાડોશી le Voisin (લેવુઉવાઝે)

છે est (એ) એકવચન.
છીએ sont (સો) બહુવચન,
ઝાડ l'arbre (લારબ્ર)
રોપો la plante (લાપ્લાંત)
બારી la fenétre (લાફેનેત્ર)
પીત્રાઇ le cousin (લેકુઝેં)
રાંધણીઓ la cousine (લાકૂઝીન)
છોકરી la fille (લાફી)
શહેર la ville (લાવીલ)
આપેલું donnez (દોને)
હું આપું છું je donne (દોન)
કોને à qui (આકી)

ભાષાંતર વાકયો.

છોકરાંનો બાપ le pére de l'enfant (લે પેર દેલાંફાં)
છોકરાંઓની મા la mére de enfants (લાંમેર દેઝાંફાં)
ઘરનું બારણું la porte de lamaison (લાપોત દેલામેઝોં)
ઘરોનાં બારણાં les portes des maisons (લે પોર્ત દે મેઝોં)
રાજમહેલની બારીઓ les feuétres du palais (લેફે નત્ર દી પાલે)
બીલાડી એક પ્રાણી છે le chat est un animal (લેશા એતેંના નીમાલ)
બીલાડી એક ઉંદરની દુશ્મન છે les chats sont les ennemis de souris (લેશા સોં ધેઝેનેમી)–ધેસુરી
ઉંઘ મોતનો ચીતાર le sommeil'est l'image de la mort (લે સોમેઇ લીમાઝ દે લામોટ)
કીલ્લો રાજાને રાણી માટે હોય છે le chatéau est au roi et a la reine (લે શા તો એ લો રૂઇલા એ આ લારેન)
હું છોકરાને કલમ આપું છું Je donne la plumeo l'enfant (ઝે દોન લા પ્લીમ આ લાંફાં)
હું છોકરાંઓને ગમત આપું છું je donne le jeu aux enfants (ઝ દોન લેઝે ઓ ઝાંફાં)
તે વાડી ભાઇઓને બહેનો માટે છે le Jardin est aux freres et aux sœars (લે ઝાંરદે એ લો ફ્રેર એ ઓસેર)
રાજાઓના પીક્ચરો les images des rois (લે ઝીમાંઝ દે રૂવા)
ઝાડોનાં પાંદડાં les feuilles des arbres (લે ફેઇ દેઝારબ્ર)
ઘરની બારીઓ les fénetres de la maison (લે ફેનેત દેલામેઝોં)
છોકરાનો બાપ le pére de le fils (લે પેર દે લેફીસ)
છોકરીઓની મા la mére des filles (લા મેર દે ફી)

શું મારી પાસે પીત્રાઇ ભાઇની ચોપડી છે? ai-je le livre du cousion? (એ ઝે લે લીવ્ર દયુ કુઝે)

તારી પાસે પીત્રાઈ ભાઇની ચોપડી છે tu as le livre du cousion (ટયુ આ લે લીવ્ર દયુ કુઝે)

શું તેણે રાજાનો બગીચો જોયો છે a-t-il a vu le jardin du roi? (આતીલ વ્યુ ને ઝારદે દયુરૂવા)

નહીં તેણે રાજાનો કીલ્લો જોયો છે. non il a vu le chattan du roi (નો ઇલ આ વ્યુલે શાતો દયુ રૂવા)

શું તારી પાસે કાકીનું પીકચર છે? as tu l'image dela tante? (આ ત્યુ લીમાઝ દે લા તાંત)

હા, મારી પાસે કાકીનું પીકચર છે. oui. J'ai l'image de la tante (ઉવી ઝે લીમાઝ ધે લા તાંત)

શુ છોકરાંઓ પાસે રમત છે? les enfents ont ils le jeux (લે ઝાંફાં ઓં તીલ લે ઝે)

હા, છોકરાઓ પાસે રમત છે, oui. les enfents ont les jeux (ઉવી લે ઝાંફાં ઓં લે ઝે)

મારી બેનની કાતરો કોની પાસે છે qui a les ciseaux de ma sœur (કી આ લે સીઝો દે માસેર)

તમારી બેનની કાતર અહીંઆં છે: voici les ciseaux de votre seeure (ઉવુઆસી લે સીઝો ધે વોત્ર સેર)

અખરોટો કોની છે? a qui sont les noix (આ કી સાં લે નુઉવા)

તેઓ પાડોશીનાં છોકરાંની છે. Elles sont aux enfants du voisin (એલ સાં તો ઝાંફાં દી વુઆઝે)

જામફળે કોનાં છે? a qui sontle poires? (આ કી સાં લે પુઆર)

તેઓ છોકરાનાં છે. elles sont a l'enfant (એ લ સાં તા લાંફાં)

આ વાડી કોની છે? a qui est a jardin (આંકી એતા ઝારદે)

તે રાજા અને રાણીની છે il est au roi et a la raine (ઇલ એ તો રૂઆ એ આલા રૈન)

શું તમે કાકાના કૂતરાને જોયો છે? avez vous vu le chien de l'oncle (આવે વુ વ્યુ લે શીએં ધે ઝોંકલ)

કાકાનો કુતરો ત્યાં છે voila le chien de l'oncle (ઉવાલા લે શીએં દે લોંકલ).

તે મારી પીત્રાઈ બેનના છે. elles sont a ma cousine (એલ સોં તા મા કુઝીન)

પાઠ ૪ થો શબ્દયોગી અવ્યય.

ફ્રેંચ ભાષામાં નામની સાથે શબ્દયોગી અવ્યય વારંવાર વપરાય છે તે શીખનારે પહેલા શીખવા જોઇએ તેને અહીં નીચે આપ્યા છે. ઘણાં ખરાં શબ્દયોગી અવ્યય સાદા છે તેને વિભકતીના રૂપમાં ફરતા નથી.

Sous (શું) નીચે.

à (આ) અંદર, તરફ.

aprés (આપ્રે) પછી

avant (અવાં) પહેલાં (વખત બતાવે)

avec (આવેક) સાથે

chez (શે) સાથે, ને ત્યાં (સ્થળ બતાવે)

contre (કોંત્ર) સન્મુખ, સામું.

dans (દાં) અંદર (વસ્તી અંદર

de (દે) નું, માંથી

Sans (સાં) વગર, સીવાય

devant (દેવાં) પહેલાં (જગ્યાની આગળ)

devriére દેરીયેર (પાછળ)

Sur (સીર) ઉપર, પર

en (આં) અંદર (ગામની અંદર).

entre આંત્ર (વચ્ચે) (અંતર આપવામાં) તફાવતનો અર્થ હોય ત્યાં).

envers (આંવેર) તરફ, ભણી, બાજૂ.

par (પાર) માંથઇને બાજુએથઇને.

parmi (પારમી) (વચ્ચે) (જથ્થો બતાવે).

pendant (પાંદાં) માં (રાતની અંદર) વખ્ખત બતાવે.

pour (પુર) માટે, કાજે

à (આ) અને le (લે) સાથે હોય ત્યારે તેનું સંકોચ રૂપ (ટુંકું રૂપ) au (ઓ) લગાડવું અને (à) les સાથે હોય ત્યારે aux (સ્પે) લગાડવું, de અને le સાથે હોય ત્યારે du (દી) ને de સાથે les હોય તો બહુવચન des થાય છે પહેલું રૂપ એકવચન માટે વપરાયેલ છે તે આગલ ત્રીજા પાઠમાં ૭ મી કલમમા આપેલ છે તે જુઓ.

શબ્દો.

la couer (લાકુર) વાડો, ચોક.
l'école(લેકોલ)નિશાળ, નારીજાતી
le maitre (લેમેત્ર) માસ્તર ,,
l'eau (લો) પાણી.
la main (લામેં) હાથ.
la pluie (લાપ્લી) વરસાદ.
le toit (લે તુઉવા) છાપરું.
l'habit (લાબી) કોટ ડ્રેસ.
la chambre (લાશાંબ્ર) રૂમ.
votre(વોત્ર)તમારું ton તોં તારું
Louis (લુઇ) નામ છે.
l'église (લેગ્લીઝ) દેવળ (નારી)
la nuit (લાન્વી) રાત.
le jour (લેઝુર) દહાડો.
la cuisine (લાક્વીઝીન) રાંધણીયું
la poche (લાપોશ) ગજવું.
demeure (દેમેર) રહે છે.
l'argent (લરઝાં) પૈસા.
son sa (સોં, સા) તેનુ તેની તેનો
notre (નોત્ર) અમારું.
où (ઉ) કયાં qui (કી)કોને કોણ

હોવું થવુંના વર્તમાન કાળના રૂપ.

એકવચન	બહુવચન.
je suis (ઝેસ્વી) હું છું.	nous sommes (નુ સોમ) અમે છીએ.
tu es (તીએ) તું છે.	vous êter (વુઝેત) તમે છો.
il est (ઇલએ) તે છે.	ils sont } ઇલસોં { તેઓ છે.
elle est (એલએ) તેણી છે.	elles } એલસોં { તેઓ છે.

ભાષાંતર વાકય.

હું વાડામાં છું je suis dans la cour (ઝે સ્વી દાં લા કુર)
પક્ષી છાપરા પર છે l'oiseau est sur le toit (લુઉવાઝો એસીર લે તુઉવા)
ઘરને બારણું છે la porte est à la maison (લા પોર્ત એતા લા મેઝોં)
તું વાડીમાં છે ? Es-tu au jardin (એતીયઓલે ઝાંરદેં)
લૂઇ મારા બાપને ત્યાં છે Louis est chez mon pére (લુ ઉવી એ શે મોં પેર)

ઘોડાઓ બારણા આગળ છે (les chevaux sont devant la porte
(લે શેવો સોં દેવાં લા પોર્ત)
વરસાદ પછી aprés la pluie (અપરેલા પ્લવી)
રાતની અંદર pendant la nuit (પાંદાં લાન્વી)
દીવસ પહેલાં avant le jour (આવાં લે ઝુર)
બાળક ઝાડ નીચે છે l'enfant est sous l'arbre (લાંફાં એ સુ લારબ્ર)
બાળકોની વચ્ચે parmi les enfants (પારમી લે ઝાંફાં)
અમો ઝાડોની પાછળ છીએ nous sommes derrière les arbres
(નુ સોમ દેરીએર લે ઝારબ્ર)

તેઓ બારી અને બારણાંની વચમાં છે ils sont entre la porte et
la fenêtre (ઇલ સોંત્રાંત લા પોર્ત એ લા ફેનેત્ર)

આ ચોપડી મારા ભાઇને માટે છે ce livre est pour mon frère
(સે લીવ્ર એપ્તુર મોં ફ્રેર)

મારી કાકી દેવળમાં છે ma tante est à l''eglise (મા તાંત
એતાલેગ્લીઝ)

મારા કાકાના ઘોડાઓ સાથે avec les chevaux de mon oncle
(આવેક લે શેવો દેમોં નોંકલ)

અમારો મીત્ર પારીસમાં તેની કાકીના ઘરમાં રહે છે notre ami
demeure à Paris dans la maison de sa tante (નોત્ર
આમી દેમેર આ પારી દાં લા મેઝાં દે સા તાંત)

સવાલ જવાબના વાકયો.

લુઇવી કયાં છે ? Oú est Louis (ઉએ લુ ઉવી)
તે ચોકમાં છે il est dans la cour (ઇલ એ દાં લાકુર)
મારો છોકરો કયાં છે ? oú est mon fils (ઉ એ મોંફીસ)
તે વાડીએ છે H est ou jardin (ઇલ એ તો ઝારદેં)
બાળકો કયાં છે : Oú sont les enfants (ઉસોં લે ઝાંદાં)
તેઓ ઘરની આગળ રમે છે its jouent devant a maison
(ઇલ ઝુ દેવાં લા મેઝાં)

કોને વિષે તમે બોલો છો? De quoi parlez Vous ? (દે કુવા પારલેવું)

હું રાજાના ઘોડા વિષે બોલું છું je parle des chevaux du roi (જે પાર્લ દે શેવો દી રૂઉવા)

હું રાજા અને રાણી વિષે બોલું છું je parle du roi et de la reine (જે પારલ દી રૂઉવા એ દે લારેન)

બારીઓ કયાં છે ? Où sont les fenêtres (ઉ સોં લે ફેનેત્ર)

તેઓ ઘરને કીલ્લાને મહેલમાં છે Elles sont à la maison ou chateau au palais (એલ સોંતા લા મેઝોં ઓ શાતો ઓપાલે)

તમારી કાકાની છોકરી નીશાળે છે ? Votre cousine est-elle à l'école (વાત્ર કુઝીન એતેલ આ લેકોલ)

હા, તેણી નીશાળે છે. oui, elle est à l'école (ઉવી એલ એ તાં લેકોલ)

દેવળમાં કોણ છે ? qui est à l''eglise (કીએ તાલે ગ્લીઝ)

મારી બેન દેવળમાં છે ma sœur est à l'église (મા સેર એ તા લેગ્લીઝ)

તમે વરસાદમાં છો ? Etest vous dans la pluie ? (એત વુ દાં લા પલ્વી)

નહીં અમે છાપરા નીચે છીએ non nous sommes sous le toit (નો, નું સોમ સુલે તુઉવા)

તારો બાપ વાડીમાં છે ? ton père est-il au jardin (તોં પેર એતીલં ઓ ઝાર્દે)

ના, તે તેના ઓરડામાં છે non il est dans sa chambre (નોં, ઈલિ એ દાં સા શાંબ્ર)

તેઓ બારીમાં છે ? sont'-ils à la fenêtre (સોં તિલ આ લા ફેનેત્ર)

હા, તેઓ બારીમાં છે Oui, ils sont à la fenetre (ઉવી ઇલ સોં તા લા ફેનેત્ર)

તમે વાડામાં બતકો જોઈ છે ? avez-vous vu les canards dans la cour (આવે વુ વી લે કાનાર દાં લા કુર)

અમે બતકો અને હંસો જોયા છે nous avons vu les canards et les oier (નુઝાવી વી લે કાનાર એ લે ઝુઉવા)

પાઠ ૫ મો.—આખી વસ્તુનો કેટલો ભાગ બતાવવા વિષે.

ગુજરાતી ભાષામાં થોડું અથવા કંઇ બોલવાનો ચાલ થોડો છે ઘણું કરીને લોકો એમને એમજ બોલે છે કે મને પાણી આપો આવે ઠેકાણે મને થોડું પાણી આપો એમ પણ બોલી શકાય પણ ફ્રેંચ ભાષામાં તો એ બોલવાની રૂઢી છે અને તે ચોકસ હોય ત્યારેજ બોલાય છે તેવા રૂપમાં નરજાતીના નામ આગળ du અને બહુવચને બન્ને જાતની આગળ des વપરાય છે પણ નારીજાતી આગળ de la વપરાય છે જેમકે:—

